# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **રાજ્યભરમાં પરંપરાગત રીતે હોળીની ઉજવણી. મુખ્યમંત્રીએ રાગદ્વેષ ભૂલીને પર્યાવરણની જાળવણી સાથે ઉજવણી કરવા નાગરિકોને અપીલ કરી.**
2. **ખાડી દેશોમાં ફસાયેલા નાગરિકોની સહાય માટે હેલ્પલાઇન શરૂ કરાઇ.**
3. **CAની ફાઇનલ પરિક્ષાનું પરિણામ જાહેર - અમદાવાદના બે વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્કિંગમાં સ્થાન મેળવ્યું**
4. **હવામાન વિભાગની ગરમી વધવાની આગાહી.**
5. **ચંદ્રગ્રહણને કારણે આજે મંદિરોમાં દર્શનના સમયમાં ફેરફાર.**

--------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM HOLI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ મેમનગરના માનવમંદિર ખાતે વૈદિક હોળીના દર્શન-પરિક્રમા કરી રાજ્યના નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરી.

મુખ્યમંત્રીએ હોળીની શુભકામનાઓ પાઠવતાં કહ્યું કે હોળી સૌના જીવનમાં રાગ-દ્વેષ ભૂલીને એકબીજાને સ્નેહથી મળવાનો અને સામાજિક સમરસતાનો સંદેશ આપે છે.

બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

# HOLIKA DAHAN

રાજયભરમાં પવિત્ર યાત્રાધામો સહિત ગઇકાલે ઠેર ઠેર હોળી પ્રગટાવી ધાર્મિક ઉત્સાહ સાથે હોળી પર્વની ઉજવણી કરવામાં આવી.

શક્તિપીઠ અંબાજી અને પાવાગઢ, જગતમંદિર દ્વારકા અને ડાકોર સહિતના સ્થળોએ હોલિકા દહન કરાયું.

સોમનાથ મહાદેવ ખાતે વૈદિક હોલિકા દહન કરાયું. જેમાં સોમનાથ સંસ્કૃત પાઠશાળાના ઋષિકુમારો દ્વારા 21 પ્રકારના આહુતિ દ્રવ્યોના થાળ અલંકૃત કરી સોમનાથ મંદિરથી ઢોલ શરણાઈ અને ડમરૂના નાદ સાથે વૈદિક અર્પણ યાત્રા યોજી હોળી પ્રગટાવાઇ.

અરવલ્લીમાં યાત્રાધામ શામળાજી ખાતે હોલિકા દહન કરાયું જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં. આ સાથે મોડાસા સહિતના તાલુકામાં પ્રાકૃતિક હોળીનું આયોજન કરાયું હતું.

ગાંધીનગરના પાલજમાં **700** વર્ષ જૂની હોલિકા દહનની પરંપરા આજે પણ અકબંધ રહી, જ્યાં રાજ્યની સૌથી મોટી હોળીના દર્શન કરવા શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

હોળીની જવાળા **100** ફૂટથી પણ ઊંચે જોવા મળી. પાટણ શહેરમાં હોળી પ્રગટાવાઇ.

સુરેન્દ્રનગરમાં ચોટીલા,લખતર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ હોલિકા દહન કરાયું. તો ચોટીલા ડુંગર ઉપર છેલ્લા દોઢસો કરતાં વધુ વર્ષથી હોળી પ્રગટાવવાની પરંપરા યથાવત રહી. રાજકોટ શહેર અને જિલ્લામાં હોળી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.

જામનગરમાં અંદાજે ત્રણ ટન લાકડા સહિતના પદાર્થોનો ઉપયોગ કરીને હોળી પ્રગટાવાઇ. બોટાદ જીલ્લામાં પણ ઠેર ઠેર પરંપરાગત હોલિકા દહન યોજાયું.

ભરુચમાં શ્રદ્ધાળુઓએ હુતાશણીમાં નારિયેળ, ધાણી, ચણા અને ખજૂર, હોમીને બાળકો અને પરિવારના સ્વાસ્થ્ય તેમજ સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે લોકોએ હોળીની પ્રદક્ષિણા કરી એકબીજાને શુભેચ્છાઓ પાઠવી હતી.

# PATAN POLICE PETROLLING

પાટણ શહેરમાં હોળી ધુળેટીના પર્વ નિમિત્તે બજારમાં વિવિધ ખરીદી માટે લોકોની ભીડને અનુલક્ષીને ટ્રાફિક નિયમન તેમજ જાહેર સુરક્ષાને લઈને પોલીસ દ્વારા સતર્કતા દાખવવામાં આવી રહી છે. તે ઉપરાંત હોળી ધુળેટીના પર્વને લઈ પાટણ બી ડિવિઝન પોલીસ દ્વારા ગઇકાલે સાંજે શહેરમાં ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

શહેરના રેલ્વે સ્ટેશન વિસ્તારથી બગવાડા ચોક સુધી ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. જેમાં પોલીસ અધિકારી અને પોલીસ તેમજ હોમગાર્ડ્સના જવાનો જોડાયા હતા. પીઆઈની આગેવાનીમા જાહેર જનતાની સલામતી અને કાયદો વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે ફુટ પેટ્રોલિંગનું આયોજન કરાતા લોકોએ શાંતિ અને સુરક્ષાની અનુભૂતિ કરી હતી.

# HELPLINE NUMBER

ખાડી દેશોમાં ઊભી થયેલી યુદ્ધની પરિસ્થિતિને પગલે ત્યાં વસતા અથવા સહેલાણી તરીકે ગયેલા ગુજરાતીઓ અને તેમના પરિવારજનોની ચિંતાને ધ્યાનમાં રાખી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા વિશેષ હેલ્પલાઇન સેવા શરૂ કરવામાં આવી છે.

આ હેલ્પલાઇનનો હેતુ યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા ગુજરાતના નાગરિકોની માહિતી એકત્રિત કરીને સહાય પૂરી પાડવાનો છે. નાગરિકો જાહેર કરાયેલા નંબર

પર સંપર્ક કરી અસરગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલા તેમના સ્વજનનું નામ, સ્થળ, સંપર્ક વિગત તથા અન્ય જરૂરી માહિતી નોંધાવી શકશે.

હેલ્પલાઇન નંબર છે **07923276943, 07923276944, 8141138000, 8141735000** જાહેર કરાયો છે. આ ઉપરાંત ફસાયેલા લોકો માટે વલસાડના સાસંદ ધવલ પટેલે એક હેલ્પલાઇન નંબર જાહેર કર્યો છે. જેમાં ફસાયેલા ગુજરાતના લોકો સંપર્ક કરીને સરકારની મદદ મેળવી શકે. આ હેલ્પલાઇન નંબરનો અત્યાર સુધીમાં 47 લોકોએ સંપર્ક કર્યો હોવાનું સાસંદ ધવલ પટેલે જણાવ્યું હતું.

બાઇટ- ધવલ પટેલ, સાસંદ, વલસાડ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

# CA RESULTS

ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા જાન્યુઆરી-2026માં લેવામાં આવેલી CA ફાઇનલ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ સેન્ટરના બે વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા રેન્કર્સ લિસ્ટમાં સ્થાન મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે. જેમાં હર્ષ સોનારાએ ઓલ ઇન્ડિયા 9મો રેન્ક મેળવ્યો છે, તો નમિષ શાહે ઓલ ઇન્ડિયા 27મો રેન્ક પ્રાપ્ત કર્યો છે.

અમદાવાદ કેન્દ્રના બંને ગ્રુપની પરીક્ષામાં કુલ 635 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી 88 વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. જેની ટકાવારી 13.86 ટકા નોંધાઈ હોવાનું ICAI અમદાવાદના ચેરમેન સી એ રિંકેશ શાહે જણાવ્યું હતું

**બાઇટ- CA RINKESH SHAH CHAIRMAN ICAI**

ઓલ ઇન્ડિયા 9મો રેન્ક મેળવનાર અને અમદાવાદમાં ટોપ કરનાર હર્ષ સોનારાએ જણાવ્યું હતું કે, છેલ્લા 6 મહિનામાં તેણે 12થી 13 કલાક તૈયારી કરી છે.

**બાઇટ- હર્ષ સોનારા, રેન્કર**

# KUNVARJI BAVALIYA LOKARPAN

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ ગઇકાલે રાજકોટના જસદણમાં આરોગ્ય કેન્દ્ર અને કોઝવેનું લોકાર્પણ કર્યું. 27 લાખના ખર્ચે શરૂ થયેલી નવી પ્રાથમિક આરોગ્ય સેવાઓનો સીધો લાભ દર્દીઓને મળી રહેશે. નવનિર્મિત કોઝવેને કારણે

રસ્તાનું ધોવાણ અટકશે અને ચોમાસા દરમિયાન વાહન વ્યવહારની સુવિધામાં વધારો કરશે. શ્રી બાવળીયા આજથી ત્રણ દિવસ જસદણ અને વીંછીયા તાલુકાની મુલાકાતે જશે. આ દરમિયાન તેઓ વિવિધ વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે.

## WEATHER

રાજ્યમાં માર્ચ મહિનાની શરૂઆત સાથે જ ઉનાળાની અસર સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે. સામાન્ય રીતે માર્ચના પહેલા અઠવાડિયામાં તાપમાનમાં ધીમે ધીમે વધારો જોવા મળે છે, પરંતુ આ વર્ષે શરૂઆતથી જ ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો નોંધાઈ શકે છે, જેના કારણે આગામી સમયમાં નાગરિકોને ઉકળાટ અને અકળામળનો અનુભવ કરવો પડી શકે છે તેવી શક્યતા હવામાન વિભાગના વડા ડો. એ કે દાસે દર્શાવી હતી.

## બાઇટ- ડો. એ કે દાસ

માર્ચ મહિનામાં પ્રીમોન્સૂન એક્ટિવિટી જોવા મળવાની શક્યતા પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પ્રીમોન્સૂન પ્રવૃત્તિઓને કારણે અમુક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. વધુમાં, રાજ્યમાં માર્ચ દરમિયાન સામાન્ય કરતાં વધુ વરસાદ નોંધાવાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# CHOTAUDEPUR YOG SHIBIR

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા "સ્વસ્થ ગુજરાત, નશામુક્ત ગુજરાત" અભિયાન અંતર્ગત છોટાઉદેપુરમાં બે દિવસીય યોગ શિબિર યોજાઇ હતી.

આ શિબિરનો આરંભ સાંસદ જશુભાઈ રાઠવાની ઉપસ્થિતીમાં કરવામાં આવ્યો હતો. આ યોગ શિબિરમાં યોગ અભ્યાસ અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતા. યોગાચાર્યો દ્વારા વિવિધ યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આ યોગશિબિરમાં મોટી સંખ્યાના નાગરિકો જોડાયાં હતાં.

# LOK SANVAD – PRAVIN MAALI

રાજ્યમંત્રી પ્રવીણ માળીએ બનાસકાંઠામાં ડીસા નગરપાલિકા ખાતે લોક સંવાદ કાર્યક્રમમાં 42 અરજદારના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ કર્યું. તેમણે માર્ગ, પાણી પુરવઠા, તળાવ, પ્રાથમિક શાળાઓ, અને આરોગ્ય સહિતના મુદ્દે નાગરિકોની રજૂઆતો સાંભળી નિરાકરણની ખાતરી આપી હતી.

તેમણે ફિઝિકલ મોડેલ ટીપીનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે છેવાડાના માનવી સુધી યોજનાઓ પહોંચે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

# CHANDRA GRAHAN

વર્ષનું પ્રથમ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ આજે જોવા મળશે. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું હોવાથી જ્યોતિષશાસ્ત્રને દ્રષ્ટિએ તેને પાળવામાં આવશે. ભારતીય સમય અનુસાર ગ્રહણની પ્રક્રિયા બપોરથી શરૂ થઈ રાત્રિ સુધી ચાલશે. ગ્રહણનો કુલ સમયગાળો 5 કલાક 39 મિનિટની આસપાસ રહેશે, જેમાં 58 મિનિટ સુધી ગ્રહણમાં સ્થિરતા જોવા મળશે.

ગ્રહણને કારણે પવિત્ર યાત્રાધામ સહિતના મંદિરોમાં દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. રાજ્યભરના મંદિરો વહેલી સવારે મંગળા આરતી અને શરૂઆતના દર્શન બાદ બંધ કરાઈ રહ્યા છે. મોડી રાતે ગ્રહણનો વેધ પૂરો થતાં મંદિરોને વિધિઅનુસાર પુન: ખોલાશે.

# DANG GOVERNOR FARM

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ડાંગ જિલ્લાની મુલાકાત દરમિયાન પોતાની સાદગી અને કૃષિ પ્રત્યેના લગાવનો પરિચય આપ્યો હતો. તેઓએ આહવા તાલુકાના ગોંડલવિહિર ગામની શાળાના સામાન્ય ઓરડામાં રાત્રિરોકાણ કર્યું હતું.

રાજ્યપાલે નજીકનાં ધુબીટા ગામમાં સ્થાનિક ખેડૂતના પ્રાકૃતિક ખેતી મોડલ ફાર્મની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે ખેતરની મુલાકાત દરમિયાન માત્ર નિરીક્ષણ જ નહીં, પરંતુ ખેડૂતને પોતાના ખેતરમાં થતાં પાકો અંગે ઝીણવટપૂર્વક ખેતી પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ માટે અત્યંત મહત્વના એવા 'ઘન જીવામૃત'ની બનાવટનું નિરીક્ષણ કરવાની સાથે તેમણે ખેતરમાં લહેરાતી વિવિધ બાગાયતી પેદાશો અને વૃક્ષોની ગુણવત્તા પણ ચકાસી હતી. તેઓએ કોઈ પણ વૃક્ષમા મોર આવે ત્યારે પાણી ન આપવા, તેમજ જ્યારે ફળ આવે ત્યારે પાણી આપવા જણાવ્યું હતું.

-----------------------------------------------------------------